# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, ભાવનગર

ધોરણ : ૮

તારીખ : ૯/૦૪/૨૦૧૯

## ગુજરાતી

(દ્વિતીય સત્ર)

કુલ ગુણ : ૮૦

સમય : ૯-૩૦ થી ૧૨-૩૦

---

પ્રશ્ન-1 (અ) સાચો વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરો. (5)

1. 'એટલે? તું તારા મનમાં સમજે છે શું? હું તે કંઇ.. હું તે કંઇ.. અને ખલાસ! એન્જિન બગડ્યું' - આ વાક્યમાં 'એન્જિન બગડ્યું' એટલે શું?

   (અ) યંત્ર કે મશીન બગડ્યું (બ) ટ્રેન બગડી (ક) ગુસ્સો આવ્યો

2. દવા પીધા વિના તે તબિયત સુધરે ? - આ વાક્ય સાથે બંધબેસતી કહેવત ...

   (અ) હરિ ભજ્યા વિના વૈકુંઠ મળતું હશે?

   (બ) કૂવામાં હોય તો હવાડામાં આવે? (ક) હેવા પડ્યા ઇ જાશે?

3. નાનકડા વલ્લભે કાખબલાઇ પર જાતે જ ડામ દીધો, કારણ કે ...

   (અ) ગામમાં વૈદરાજ નહોતા. (બ) વૈદરાજ પોતે અવઢવમાં હતા. (ક) વૈદરાજ પોતે ખૂબ બીમાર હતા.

4. 'ઘણા મોટા ધનની સ્વામિની બની છો, પ્રીતિ!' - આ વાક્યમાં ઘણું મોટું ધન એટલે ...

   (અ) ખૂબ મોટું મહેલ જેવું ઘર. (બ) કર્તવ્ય ભાવનાવાળા ઘરના સભ્યો.

   (ક) નોકર-ચાકર છ મોટર ગાડીઓ

5. 'ઉત્તમ અંગ્રેજી, માધ્યમ ગુજરાતી' નો અર્થ

   (અ) અંગ્રેજી માધ્યમમાં ભણવું જ ખૂબ સારું છે. (બ) અંગ્રેજી માધ્યમમાં ભણવું અને સારું ગુજરાતી જાણવું.

   (ક) સારું અંગ્રેજી જાણવું, અને ગુજરાતી માધ્યમમાં ભણવું.

(બ) સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (5)

1. ભાભીનું ભર્યું ઘર એટલે ...

   (અ) સુખી સમૃદ્ધ ઘર (બ) પરિવાર સાથેનું ઘર (ક) ભાભીએ વસાવેલું ઘર

2. કાવ્યપંક્તિ પૂર્ણ કરો:

   બહારથી દેખાય જેવી સ્વચ્છ સુંદર...

   (અ) ઘર, નગર, આખું જગત રળિયાત કરીએ (બ) દોસ્ત, અંદરથી ય એવી જાત કરીએ.

   (ક) ચાલ, આ વખતે દુ:ખોને માત કરીએ.

3. સત્તર અક્ષરની કાવ્ય કૃતિ એટલે ?

   (અ) ગીત (બ) ગઝલ (ક) હાઇકુ

4. ક્યો શબ્દ 'સરનામે'નો પ્રાસયુક્ત શબ્દ નથી?

   (અ) ગામે (બ) સામે (ક) મેના

5. 'ઘણું વાંકાબોલી સત્યભામા રે: આ શા ફૂટડા મિત્ર સુદામા રે!' - પંક્તિમાં ક્યો ભાવ વ્યક્ત થયો છે?

   (અ) પ્રશંસા (બ) હાંસી (ક) ક્રોધ

Scanned by CamScanner

પ્રશ્ન-2 (અ) કોઈપણ ત્રણ પ્રશ્નોનાં ઉત્તર લખો. (6)

1. સંકલ્પ લેનારા પોતાનો સંકલ્પ કેમ પાળી શકતા નથી?
2. તમને અંજન કેવો છોકરો લાગે છે? તે લખો.
3. સરદાર વલ્લભભાઈમાં કયા કયા ગુણો હતા?
4. તમારી માતૃભાષા કઇ? માતૃભાષાનું મહત્ત્વ જણાવો.

(બ) કોઈપણ બે પ્રશ્નોના જવાબ આપો. (4)

1. બા પગથિયાં પાસે શા માટે બેસી ગયાં ?
2. 'જે મળ્યું એને કરી સૌથી સવાયું?' - પંક્તિ સમજાવો.
3. હાઇકુનો ભાવાર્થ લખો:

ફરતી પીછી
અંધકારની : દીપ
નહીં રંગાય

પ્રશ્ન-3 (અ) જવાબ લખો. (6)

1. તમારા વર્ગખંડમાં સાપ ઘૂસી ગયો છે, તો તમે શું કરશો?
2. તમારા ઘરની આસપાસ ગંદકી ખૂબ છે, તો તમે શું કરશો?

(બ) આપેલી વિગત જે પાઠ/કવિતામાં આવતી હોય તેનું શીર્ષક લખો. (ગમે તે ચાર) (4)

[ અખંડ ભારતના શિલ્પી, સંસ્કારની શ્રીમંતાઈ, શરૂઆત કરીએ, સાકરનો શોધનારો, કિસ્સા-ટુચકા, કમાડે ચીતર્યા મેં ...]

1. અંગ્રેજીમાં વટેમાર્ગુ હૉટેલ પર ચાનો ઑર્ડર આપે છે ત્યારે દુકાનદાર ગુસ્સે થઇ જાય છે.
2. જાતજાતના પ્રયોગો કરતો રહેતો છોકરો તેની પ્રવૃત્તિઓ બંધ કરાવવાથી બીમાર પડે છે.
3. વિપત્તી જ્યારે આવે છે, ત્યારે એકલી નથી આવતી, સાથે એના લાવલશ્કરને પણ લાવે છે.
4. શુભ અને લાભની અપેક્ષા સાથે સુખના આગમનની પ્રતીક્ષા કરવામાં આવી છે.
5. વકીલ કોર્ટની કાર્યવાહી દરમિયાન આવેલો પત્નીના મૃત્યુનો તાર ખિસ્સામાં મૂકી દઇ અડગતાથી કાર્યવાહી પૂર્ણ કરે છે.

પ્રશ્ન-4 (અ) SMS ચેટ વાંચીને જવાબ લખો. (5)

ચકા, પરીક્ષા પૂરી થયા પછી શું કરે છે?

બસ, જલસા પછી તો...

ઓહો!, કેવા જલસા?

પરીક્ષાના બીજા જ દિવસે મામાને ઘરે જઇશું.

કોણ કોણ?

હું, સુરેશ, મોટીબેન ને માસીનો પીન્ટુ.

બધાં ભાઇ-બહેન ભેગા થઇ શું કરશો ત્યાં?

વાડીએ જઇ કેરી-ચીકુ-રાયણ ખાઇશું.

ઓહો! બીજું શું દોસ્ત

નદીમાં તરતાં શીખીશું, ઝાડ પર ચડતા શીખીશું ને હીંચકા ખાઇશું.

વાહ! તમે તો બહુ મજા કરશો, પણ હું આવી મજા નહી કરી શકું.

કેમ બકા?

મારા મામા તો વિદેશમાં રહે છે.

તો ચાલ, અમારા ભેગો, મારા મામા એ તારા મામા

Scanned by CamScanner

પ્રશ્નો:

1. આ SMS ચેટ કોની કોની વચ્ચેની છે?
2. ચકો મામાને ઘરે જઇ શું શું કરશે?
3. કોણ કોણ મામાને ઘરે ભેગાં થશે?
4. બકો 'હું આવી નહી શકું' એમ શા માટે કહે છે?
5. બકો પરીક્ષા પછી શું કરશે?, તે આ ચેટ પરથી જાણી શકાય છે?

(બ) નીચે આપેલ ફકરો વાંચીને પ્રશ્નોના ઉત્તર લખો. (5)

મનુબહેન માટે અતિથિ અજાણ્યા નથી. ગાંધીજીએ તેમના માટે રાખેલી દરકાર એ નવી બાબત છે. બંધ ગળાનો લાંબો કોટ, સુરવાળ અને ફરની કાળી ટોપી પહેરીને આવેલા મુલાકાતી ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી છે. સાથેના સફેદ ફેંટાવાળા દીવાન અનંતરાય પટ્ટણી છે, જેમને બીજા ખંડમાં બેસાડવામાં આવ્યા છે. મહારાજા ગાંધીજીને એકલા મળે છે. મંત્રાણાનો વિષય છે દેશી રજવાડાંઓ અંગેનો.

પ્રશ્નો:

1. ગાંધીજીએ દીવાનને શા માટે બીજા ખંડમાં બેસાડ્યા ?
2. મુલાકાતીનો પહેરવેશ કેવો છે?
3. ગાંધીજીને મળવા માટે કયા કયા અતિથિ આવ્યા હતાં ?
4. દીવાનનું નામ શું છે?
5. મંત્રણા કયા વિષય પર થઈ?

પ્રશ્ન-5 માગ્યા મુજબ જવાબ લખો. (10)

1. 'રજની'નો સમાનાર્થી શબ્દ કયો?
   (અ) રજકણ (બ) રાજાની (ક) રાત
2. 'સંયુક્ત' નો વિરુદ્ધાર્થી શબ્દ કયો?
   (અ) સમૃદ્ધિ (બ) મુક્ત (ક) વિભક્ત
3. મોંમા મગ ભરવા - રૂઢિપ્રયોગનો અર્થ કયો?
   (અ) મોં ભરીને મગ ખાવા (બ) મૂંગા બેસવું (ક) બીજાને મગ ખવડાવવા
4. શબ્દકોશનો સાચો ક્રમ કયો?
   (અ) લાભ, શુભ, શ્રીસવા, સરનામુ, સુખ (બ) લાભ, શુભ, સુખ, સરનામુ, શ્રીસવા
   (ક) શ્રીસવા, શુભ, લાભ, સરનામુ, સુખ
5. ભાષાંતરની સાચી સંધિ કઇ?
   (અ) ભાષ + આંતર (બ) ભાષાં + તર (ક) ભાષા + અંતર
6. કયા વાક્યમાં અકર્મક ક્રિયાપદ છે?
   (અ) અમારે વાંચવું છે. (બ) અમારે પુસ્તક વાંચવું છે. (ક) અમારે ઝડપથી વાંચવું છે.

Scanned by CamScanner

7. નીચેનામાંથી કયો દ્વંદ્વ સમાસ નથી?

(અ) નવ-દસ (બ) નવુંજૂનું (ક) નવરાત્રી

8. કયો શબ્દ દ્વિરુક્ત છે?

(અ) દોડાદોડી (બ) ખળખળ (ક) ઝરમર

9. કયો શબ્દ રવાનુકારી છે?

(અ) માન-પાન (બ) ખાણી-પીણી (ક) છમછમ

10. નીચેનામાંથી કયું સંકુલ વાક્ય છે?

(અ) જે પ્રશ્ન સમજાય છે તે પ્રશ્નના જવાબ લખ્યા. (બ) સમજાયેલ પ્રશ્નના જવાબ લખ્યા.

(ક) જવાબ લખ્યા કારણ કે પ્રશ્ન સમજાયા.

પ્રશ્ન-6 (અ) નીચેના વિષયો પૈકી કોઈપણ એક વિષય પર વીસેક લીટી નિબંધ લખો. (10)

1. જો હું મોબાઈલ હોઉં તો. 2. મારા પ્રિય દેશનેતા 3. રમતગમતનું મહત્વ

(બ) કોઈપણ એક લખો. (5)

1. શાળામાં ઉજવેલ પ્રજાસત્તાક દિનનો અહેવાલ દસેક લીટીમાં લખો.

મુદ્દા પરથી વાર્તા લખો. અથવા

રાજાનું છૂપા વેશે નગરમાં ફરવા નીકળવું - સિપાહીને માર્ગ પૂછવો - સિપાહીનો સભ્ય જવાબ - સાથે આવવાનો આગ્રહ - લાલચ આપવી - સિપાહીનું ગુસ્સે થવું - મુસાફરના વેશમાં આવેલા રાજાને થપ્પડ મારવી - બીજા દિવસે સિપાહીને - દરબારમાં તેડું આવવું - વફાદારીનો બદલો - સાર.

(ક) આપણું રાષ્ટ્રગીત લખો અથવા તમને આવડતી એક કવિતા લખો. (5)

(ડ) આપેલ ત્રણેય શબ્દોનો ઉપયોગ કરી એક વાક્ય બનાવો. (10)

1. પેન, પેન્સિલ, રંગ
2. ખાંડ, દુકાન, શરબત
3. સવાર, ઊંઘ, એલાર્મ
4. જીવન, ગુણ, અવગુણ
5. સ્વચ્છ, જગત, સુંદર

Scanned by CamScanner